Above all words,
Above all thoughts
In the luminous silence
Of an aspiring faith
Give yourself totally,
Unreservedly, absolutely
To the Supreme Lord
Of all existences and
He will do of you
What He wants you
To be.

With love and blessings,

- The Mother

5-3-1966

સર્વ શબ્દોની પાર,
સર્વ વિચારોની પાર,
એક અભીપ્સામય શ્રદ્ધાની દ્યુતિમય શાંતિમાં,
તમારી જાતને સમગ્રપણે,
નિઃશેષપણે,
સંપૂર્ણપણે,
સર્વ અસ્તિત્વોના પરમ પ્રભુને અર્પણ કરો
અને તેઓ તમને જેવા બનાવવા ઈચ્છે છે
એવા બનાવશે.

પ્રેમ અને આશીર્વાદ સાથે,

- શ્રી માતાજી

૫-૩-૧૯૬૬

NOTE: The Mother is not the author of the text on pg. 2 of Prosperity March 2022.
નોંધ - પ્રોસ્પેરિટી માર્ચ ૨૦૨૨ ના પૃષ્ઠ-૩ ના ૪ ફકરાના લેખક શ્રી માતાજી નથી.

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● April 2022
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
APRIL
૧ એપ્રિલ, ૨૦૨૨

– Devotion –
– ભક્તિભાવ –

above all words,
above all thoughts
in the luminous silence
of an aspiring faith
give yourself totally,
unreservedly, absolutely
to the Supreme Lord
of all existences and
He will do of you
what He wants you
to be. With love and blessings
M.

... ...

Small work and big work makes no difference before the Mother, all are of equal importance to her. However small your work, you should not think it to be insignificant, as it has some particular value in the Mother's eyes. However big or ingenious the work you might be doing, don' be proud about it because in the Mother's eyes its importance is the same as what everybody else is doing. The trouble comes when you think that the work is your own. So the Mother has said: "If people could stop speaking of work as their work, it would put an end to a lot of trouble."

Regarding the question of earning money, people think that if you want to lead a spiritual life you should have no dealings with money. But the Mother says that is not necessary, since you earn for the Divine. Only think that you earn not for your own self. It is all Mother's money that you earn; so keep account of it and never spend it carelessly.

Look upon yourself as the Mother's trusted treasurer. As Ramprasad has sung, "Make me your cashier, Mother, I won't be unfaithful." Earn money and spend it for right causes, build beautiful houses and gardens if you have plenty but don't think that you are the glorious owner, for the whole earth is the Mother's property and everything on earth belongs to her, you have only enriched her property. Even if you establish a kingdom it should be in the Mother's name. The great Ranjit Singh created an empire in his Guru Nanak's name, he was only the keeper, Sarkar. The great Maharashtra leader, Shivaji, did the same. He fought and won in his guru's name. That is the proper attitude. There should be, as Sri Aurobindo has said a great joy in the work and in the use of capacities for the divine purpose." [P. 12 - 14]

... ...

'Jai Ma' – from the book 'On The Mother Divine' by Pashupati.

... ...

શ્રી માતાજી સમક્ષ નાનાં કે મોટાં કાર્યો વચ્ચે કોઈ ભેદ હોતો નથી. તેમને માટે તો બધાં જ કાર્યો સરખું મહત્ત્વ ધરાવે છે. ગમે તેટલું નાનું કાર્ય કેમ ન હોય પરંતુ તમારે તેને તુચ્છ ગણવું જોઈએ નહિ કારણ કે શ્રી માતાજીની દ્રષ્ટિએ તે કાર્યનું ખાસ કોઈ પ્રયોજન અને મૂલ્ય હોય જ છે. ગમે તેટલું મોટું કે પટુતાવાળું (બુદ્ધિપૂર્વક-ચાતુરી પૂર્વકનું) કાર્ય તમે કેમ ન કરતા હો પરંતુ શ્રી માતાજીની દ્રષ્ટિએ તેનું મહત્ત્વ તેટલું જ હોય છે જેટલું બીજા કાર્યો માટે હોય છે. એટલે કહેવાતાં મોટાં કાર્યો માટે અભિમાન કરવું જોઈએ નહિ. ખરેખર મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે તમે એવું માની બેસો છો કે આ કરાતું કાર્ય તમારું પોતાનું છે. તેથી શ્રી માતાજીએ કહ્યું હતું, "ઘણીબધી મુશ્કેલીઓનો અંત તત્કાલ આવી જાય જો લોકો એમ કહેવાનું બંધ કરે કે આ કાર્ય તો 'મારું જ' છે."

ધન કમાવાના પ્રશ્ન અંગે લોકોની એવી માન્યતા હોય છે કે જો તમારે એક આધ્યાત્મિક જીવન પ્રતિ અભિમુખ થવું હોય તો તમારે ધન સાથે વ્યવહાર કરવો જોઈએ નહિ. શ્રી માતાજી કહે છે કે 'એવું માનવાની જરૂર નથી, કારણ કે તમે પ્રભુ માટે કમાઓ છો. તમારે એવું વિચારવું જોઈએ કે તમે તમારી જાત માટે કમાતા નથી પરંતુ આ બધું જ ધન તો શ્રી માતાજીનું છે અને તમે તેનું ઉપાર્જન કરો છો. શ્રી માતાજીની લક્ષ્મીનું સર્વથા સન્માન કરી કાળજીપૂર્વક એનો વિનિયોગ કરવો જોઈએ, કદી બેદરકારી પૂર્વક એને વેડફવી જોઈએ નહિ.

તમે તમારી જાતને એ રીતે જુઓ કે તમે તો શ્રી માતાજીના એક વિશ્વાસુ ખજાનચી છો. રામપ્રસાદે ગાયું છે તેમ, 'મા મને તારો ટંકાધીશ (હિસાબનીશ) બનાવ, હું કદી તારો વિશ્વાસભંગ કરીશ નહિ'. ધન કમાઓ અને સાચી રીતે તેનો સદ્ ઉપયોગ કરો. સુંદર ઘર, બાગબગીચો બનાવો જો તમારી પાસે વિપુલ માત્રામાં ધન હોય. પરંતુ એવું કદી ન માનશો કે તમે શ્રીમંત માલિક બની ગયા છો. કારણ, સમગ્ર પૃથ્વી શ્રી માતાજીની સંપત્તિ છે અને ધરા ઉપરનું સર્વ કાંઈ શ્રી માતાજીની અંગત માલિકીનું છે. તમે માત્ર તેમની સંપત્તિને સમૃદ્ધ કરી છે. તમે જો મોટું સામ્રાજ્ય પણ ઊભું કરો તો તે પણ શ્રી માતાજીના નામે જ હશે. મહાન રાજા રણજીતસિંહે તેમના ગુરુ શ્રી નાનકને નામે સામ્રાજ્ય ખડું કર્યું. તેઓ તો માત્ર તેના રખેવાળ હતા. મહારાજ શિવાજીએ પણ એ પ્રમાણે જ કર્યું હતું. તેઓએ ગુરુના નામે જ યુદ્ધ કર્યું અને વિજય પ્રાપ્ત કર્યો. શ્રી અરવિન્દ કહે છે : "કાર્ય અને તેનાં વ્યક્તિગત પરિણામ પ્રતિ તમારું વલણ શાંત અને સંતોષભર્યું હોવું જોઈએ અને અહંભરી આસક્તિ ન રહેવી જોઈએ. પણ એની સાથે કાર્ય પ્રતિ અને એ દિવ્ય કાર્ય માટે તમારી શક્તિઓનો ઉપયોગ કરી રહ્યા છો એનો ઊંડો આનંદભાવ પણ હોવો જોઈએ." [પૃ. ૧૫ – ૧૮]

... ...

'જય મા' – શ્રીપશુપતિના મૂળ અંગ્રેજી પુસ્તક 'દિવ્ય માતાજી વિષે' માંથી.
વલસાડના શ્રી મનુભાઈ જે. દેસાઈ નો અનુવાદ.